
અમદાવાદના સેટેલાઈટ વિસ્તારના શ્યામલ ચાર રસ્તા નજીક સચિન ટાવરમાં રહેતા શ્રી.દિપકભાઈ બુચ અને શ્રીમતી.મંજરીબહેન બુચ ૧૦ વર્ષથી "દાદા-દાદીની વિદ્યા પરબ" દ્વારા આસપાસના વિસ્તારમાં રહેતા ગરીબ અને નિમ્ન મધ્યમ વર્ગના બાળકોને નિઃશુલ્ક ટ્યુશન આપે છે. "ગુજરાતી વારસો" અંતર્ગત આ બાળકોની એક નિબંધ સ્પર્ધા યોજી હતી. એમના કેટલાક ચૂંટેલા નિબંધો અહીં મુક્યા છે. અનેક અભાવો અને અગવડો વચ્ચે રહેતા આ બાળકોના વિચારો જાણો...

પાંચ નિબંધો મુક્યા છે.



ધો.૪

૧ લું ઇનામ

4

SAKHEE

Date

Page

## મારી પ્રિય રમત - ક્રિકેટ

લોક માન્ય ટિળકે કહ્યું હતું કે, "સ્વરાજ મારો જન્મ સિદ્ધ અધિકાર છે." એવા જ રીતે એમ પણ કહી શકાય કે, "રમવું એ બાળકનો જન્મસિદ્ધ અધિકાર છે. અને સ્વભાવ પણ છે." આજના યુગમાં કબડ્ડી, ખોખો, વોલીબોલ, ફૂટબોલ, હોકી, બેડમિન્ટન, ક્રિકેટ વગેરે જેવી રમતો રમાય છે. એમાં ક્રિકેટ એ મારી પ્રિય રમત છે.

ક્રિકેટ 'રમતોનો રાજા' છે. ક્રિકેટ ખર્ચાળ રમત છે, છતાં આ રમતે અનેક લોકોનાં દિલ જીતી લીધાં છે. આજે તો દુનિયાનાં કોઈ પણ ખૂણે ક્રિકેટ મેચ રમાઈ રહી હોય ત્યારે લાખો લોકો તેને ટેલિવિઝન પર જોવાનું ચૂકતા નથી. એ જ તેની લોકપ્રિયતાનો બોલતો પુરાવો છે.

ક્રિકેટ રમવાથી મને ઘણા ફાયદા થયા છે. મારી શરીરમાં ગજબની સ્ફૂર્તિ આવી ગઈ છે. મારી એકાગ્રતા વધી છે. મારામાં ખેલદિલી, હિંમત, સહકાર અને સહનશક્તિ જેવા ગુણો વિકસ્યા છે. મારું શરીર ખડતલ બન્યું છે. મને શ્રદ્ધા છે કે એક દિવસ હું ખરેખર એક મહાન ક્રિકેટર બની શકીશ. મને દેશ વિદેશના પ્રવાસે જવા મળશે. મને નામ સાથે દામ પણ મળશે.

9

નામ :- પરમાર કોમલ હર્ષદસિંહ.
ધોરણ :- 9
વિષય :- ગુજરાતી (નિબંધ) - મારું સ્વપ્ન - ડોક્ટર.

ઠો. ઉ
૧૮ ગુણાંક

# મારું સ્વપ્ન - ડોક્ટર

સૌ કોઈ આગળ વધવા ઇચ્છે છે. આગળ વધવાની ઇચ્છા રાખવી એ માણસની સ્વાભાવિક વૃત્તિ છે. હું ડોક્ટર બનવા માંગું છું.

હાલમાં, હું ધોરણ નવમાં અભ્યાસ કરું છું. પણ ધોરણ દસમાં આવીને બોર્ડમાં સારા નંબરે પાસ થઈશ અને વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવીને ડોક્ટરની ડિગ્રી મેળવવા ઇચ્છું છું. હું સૌપ્રથમ તો ડીગ્રી મેળવીને મારું પોતાનું દવાખાનું શરૂ કરવા માંગું છું. હું મારું દવાખાનું શહેરમાં નહિ. પરંતુ. ગામડામાં શરૂ કરવા ઇચ્છું છું. મારા વતન પાસે જ નજીકના ગામમાં હું મારું દવાખાનું શરૂ કરીશ.

મેં ઘણી વાર જોયું છે કે ગામનાં દર્દીઓ ખૂબ મોટા દર્દથી પીડાતા હોય છે. પણ તેમની પાસે પુરતા પૈસા ન હોવાને કારણે તે પુરતી દવાઓ કરી શકતા નથી અને તે દર્દી મૃત્યુ પામે છે. ઘણાં ગામમાં સરકારી દવાખાના તો હોય છે પરંતુ સરકારની પુરી સુવિધાઓ સારી રીતે દર્દીઓને મળી રહેતી નથી. સરકારી દવાખાનામાં થોડી ઘણી જરૂરિયાતની દવાઓ મેડિકલમાંથી મળી રહે છે. પરંતુ જેને મોટી બીમારીઓ જેમકે, કેન્સર, કમળો, ડાયાબીટીસ જેવી મોટી બીમારીઓમાં તેમને પુરી સારવાર, સુવિધાઓ મળી રહેતી નથી. એટલા માટે આવા મોટા રોગમાં પણ સુવિધાઓ હું મારા દવાખાનામાં આપીશ. દર્દીઓ પાસેથી ઓછા પૈસે સારી સુવિધાઓ કરી મળી રહેશે.

નામઃ રાંકમતા સુરેશભાઈ
ધોરણ: 9

Page:
Date:

ઉ: 6
3 ગુણ

# મારું સ્વપ્ન

આ દુનિયામાં ઘણા બધા માણસો છે એમાંથી ઘણા માણસોના મોટા સપના હોય છે અને અમુક માણસોના દૃઢ નિશ્ચય અને તેમની મહેનત અને લગનને કારણે તેઓ પોતાના સપનાને પુરુ કરી શકે છે પણ અમુક લોકો પોતાના નિશ્ચય કરેલા સપના પુરા કરી શકતા નથી તેના બે કારણ હોય છે પહેલું કારણ એ કે તેમનામાં સપના પુરા કરવાની તેવડ હોતી નથી અને બીજુ કારણ કે તેઓ પોતાના સપનાને પુરા કરવામાં આવતી મુશ્કેલીઓથી ડરી જાય છે અને તે મુશ્કેલીઓનો સામનો કરવાની હિંમત નથી હોતી અને એવા લોકો હાર માની જાય છે અને પોતાના સપના અધુરુ છોડી દે છે. પણ આપણે આપણા સ્વપ્નનો અધુરુ ન છોડીને તેને પુરુ કરવાની પુરી કોશિશ કરવી જોઈએ.

મેં પણ એક સપનું જોયું છે હું મોટી થઈને એક સાઈન્ટિસ બનવા માંગું છું આ દુનિયામાં આવેલી કેન્સર જેવી ભયંકર બિમારીની રસી શોધવા માંગું છું અને આ કેન્સર જેવી ખુંખાર બિમારીને આ દુનિયાથી નાબૂદ કરવા માંગુ છું હું એક વખત એક મોટી હોસ્પિટલમાં ગઈ હતી અને ત્યારે મે એ હોસ્પિટલમાં ઘણા બધા દર્દીઓને કેન્સરની બિમારીથી પીડાતા જોયા અને મેં ત્યારે જ નક્કી કર્યુ હતું કે હું આ બિમારીની રસી શોધીને કેન્સરથી પીડાતા દર્દીને નવું જીવન આપીશ. અને આવા કેન્સરથી મૃત્યુ પામતા અને પીડાતા દર્દીને જોતા મને મારા સપનાને પુરુ કરવાની હિંમત આવી જાય છે

મને મારા આ સપનાને પુરુ કરવાની હિંમત મને મારા માતા-પિતાથી ખૂબ જ મળી છે. તેઓ મને આ સપનું પુરુ કરવામાં ખૂબ જ સહકાર આપે છે. મારા જીવનમાં કેટલી પણ મુશ્કેલી આવશે પણ હું તેનો હિંમત પૂર્વક સામનો કરી આ દુનિયાને આવા કેન્સર જેવા રોગથી મુક્ત બનાવીને એક નવું જીવન આપીશ અને તેમને વ્યસન ન કરવાની સલાહ આપીશ. અને પોતે આ વ્યસન ન કરવાની પ્રતિજ્ઞા પણ લઈશ.

ધનદોરે હર્ષિતા અમિતભાઈ

ધોરણ ૯

ધો.૯
૩૬ ગુણ

# મારું સ્વપ્ન

આપણા જીવનમાં આશા ન હોય તો આપણું જીવન નકામું છે. આપણા જીવનમાં ઘણા સ્વપ્ન છે, પણ તેમાંથી કોઈ ક જ સ્વપ્ન પુરા થઈ શકે છે. આપણ ને ભગવાને ધરતી પર મોકલ્યા છે, અને એક નવો જન્મ પણ આપ્યો છે, તો આપણે તેને કેમ વ્યર્થ જવા દઈએ. આપણે આપણા જીવનમાં કોઈ લક્ષ્ય કે ધ્યેય રાખીને જ આગળ વધવું જોઈએ. આજ રીતે હું પણ મારું સ્વપ્ન પૂરું કરીશ.

મારું નામ ધનદોરે હર્ષિતા છે. મારા જીવન માં પણ એક સ્વપ્ન છે. કે હું એક સફળ ડોક્ટર બનું. ડોક્ટર બનવા પાછળ મારો કોઈ સ્વાર્થ નથી. પણ એક ઈચ્છા છે કે હું ડોક્ટર બનીને આ સિદ્ધ કરીશ કે જોઈયેલું સ્વપ્ન પણ પૂરું થઈ શકે છે, પણ તેના માટે દૃઢ નિશ્ચય, લગન અને એકતા જરૂરી છે. હું એક કેન્સર ની સ્પેશ્યાલિસ્ટ બનવા માગું છું. આપણા દેશમાં ઘણા લોકો કેન્સર થી પીડાય છે. ગરીબી ના નીચે જીવતા લોકોને આવી ભયંકર બિમારીઓ થાય છે, પણ તેઓના પાસે પૈસા ના તંગીના લીધે તેઓ રોગ નો ઈલાજ કરી શકાતો નથી. તેઓ મોટા હોસ્પિટલ ના બહાર તેઓ રોગ થી પીડાતા દેખી મારું મન કહે છે કે હું પણ એક સારી ડોક્ટર બનીને આ ગરીબ લોકોની મદદ કરીશ."

આપણા અમદાવાદમાં સિવિલ હોસ્પિટલ છે, જેમાં કેન્સર નો વોર્ડ છે. તેમાં ઘણા લોકોને જોઈને આપણું મન દુઃખાય છે. આ જોઈને થાય છે કે ભગવાન આમ ને આવું કેમ કરે છે, પણ આના પાછળ આ લોકોનો જ વાંક હોય છે. તેઓ ખરાબ વ્યસનો ના લીધે તેમને આવી બિમારી થાય છે. સિવિલ હોસ્પિટલના બહાર ઘણા ગરીબો આવી ખરાબ હાલતમાં હોય છે. તેમને જોઈને એવું થાય છે કે હું ડોક્ટર બનીને આ લોકોની મદદ કરું અને તેમના માટે એક હોસ્પિટલ ખોલું જેમાં આ રોગથી પીડાતા લોકો માટે મફત અને ખૂબ સારી સારવાર કરી શકું અને તે લોકોને આવા ભયંકર રોગોથી મુક્ત કરાવીને તેમને એક

દ્વિ. 2જું ઇનામ

નામ : સોલંકી કુસુમ તુલસીભાઈ

ધોરણ : 9th

વિષય : મારું સ્વપ્ન ડૉક્ટર

## મારું સ્વપ્ન - ડોક્ટર

હરેક માણસને કંઈ ને કંઈ આશા હોય છે. કોઈ મહત્વકાંક્ષા પણ હોય છે. હું અત્યારે ધોરણ ૯ માં ભણું છું. મારી પણ એક મહત્વકાંક્ષા છે, એક સ્વપ્ન છે કે ડોક્ટર બનવું. મને ભણવામાં ખૂબ જ રસ છે. પરંતુ, કેટલાક બાળકો એવાં હોય છે કે તેમની પણ કંઈક બનવાની ઇચ્છા હોય છે, પણ ને ગરીબી ને લીધે તેમની ઇચ્છા પૂરી કરી શકતાં નથી. તેમને અપૂરતી સગવડ હોવાથી ઘણાં બાળકો તો ભણી પણ નથી શકતાં. પણ હું ભણીશ. મને ભણવાની ખૂબ જ ઇચ્છા છે. હું ભણીગણીને આગળ વધવા ઇચ્છું છું.

હું દસમા ધોરણ પછી વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવીશ અને ખૂબ જ આગળ વધીશ. હું વિજ્ઞાન પ્રવાહમાં ખૂબ જ મહેનત કરીશ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં સારા ટકાએ પાસ થઈશ. મારી આવી ઇચ્છા થી મારા માતા પિતાને મારા પર ખૂબ જ ગર્વ છે. મને ભણવામાં ગણિત અને વિજ્ઞાન જેવાં વિષયોમાં ખૂબ રસ છે. હું પરીક્ષામાં ગણિત અને વિજ્ઞાનમાં અને બધાં જ વિષયોમાં સારા ગુણ લાવું છું. મારું આવું સરસ પરિણામ જોઈને